મહત્તમ : ૩૭.૪ ડીગ્રી
લઘુતમ : ૧૭.૦ ડીગ્રી
ભેજ
સવારે ૬૫ ટકા ● સાંજે ૨૫ ટકા
ગાંધીનગર તાપમાન

શહેરમાં યોજાયો લાગણીસભર મુકબધિર લગ્નોત્સવ

૧૨ મુકબધિર નવદંપતિઓએ પ્રભુતામાં પગલા માંડ્યા

ગાંધીનગર, તા.૨

ગાંધીનગરના આંગણે ગુરૂવારે અનોખો સમુહ લગ્નોત્સવ સફળ રીતે યોજાયો હતો. સમર્પણ મુકબધિર સંસ્થા દ્વારા સતત સાતમો મુકબધિર સમુહ લગ્નોત્સવ ભારે ઉલ્લાસપૂર્વક યોજાયો હતો જેમાં ૧૨ નવદંપતિઓએ પ્રભુતામાં પગલાં માંડ્યા હતા. જેમ સામાન્ય લોકો લગ્ન પ્રસંગો માણે છે તે જ રીતે સમર્પણ મુકબધિર સંસ્થાની ટીમ દ્વારા આ લગ્નોત્સવનું સુંદર રીતે આયોજન કર્યું હતું. જેમાં બુધવારની પુર્વ સંધ્યાએ ગરબાનો કાર્યક્રમ યોજાયો હતો. સૌ દિવ્યાંગ યુવક-યુવતિઓ તથા પરિવારજનોએ ગરબા નાઈટનો આનંદ માણ્યો હતો. જેમાં ડીજે મ્યુઝિકનું આયોજન કરવામાં આવ્યું હતું. ટ્રેડીશનલ પોષાકમાં સજીધજીને સૌએ ગરબામાં ભાગ લીધો હતો. નવદંપતિના લગ્ન માટે સંસ્થા દ્વારા પુરતો પ્રયાસ કરાયો હતો જેમાં મુકબધિર દીકરીઓ માટે બ્યુટીપાર્લર, મહેંદીની યોગ્ય રીતે વ્યવસ્થાઓ કરી હતી. દરેક દીકીરના હાથમાં સુંદર મજાની મહેંદી મુકાઈ હતી અને દુલ્હનના જોડામાં તૈયાર થયેલી દીકરીઓની સાચી ખુશી તેમના ચહેરા ઉપર છલકતી હતી.

આ પ્રસંગે મોટી સંખ્યામાં વરઘોડીયા સાથે જાનૈયાઓ પધાર્યા હતા. વરવધુને આશિર્વાદ આપવા માટે મોટી સંખ્યામાં આમંત્રિતો પધાર્યા હતા. વિધીવત રીતે બાર નવદંપતિના લગ્ન સંપન્ન થયા હતા. જેમાં ૯૦થી વધુ ચીજવસ્તુઓ દીકરીઓને કરિયાવરમાં ભેટ આપવામાં આવી હતી. મંચ ઉપર ઉપસ્થિત રહેલા મહાનુભાવો દ્વારા આ ભેટ આપવામાં આવી હતી. જેમાં પંચદેવ મંદિરના ધર્માધ્યક્ષ પૂજય ફુલશંકર શાસ્ત્રીજી, ગાંધીનગર મહાનગર પાલિકાના મેયર હીતેશભાઈ મકવાણા, માણસાના ધારાસભ્ય જે.એસ.પટેલ, ગાંધીનગર સમાચારના મેનેજીંગ તંત્રી કૃષ્ણકાંત જહા, સંસ્થાના ટ્રસ્ટી નીશિત વ્યાસ, નરેશ દવે, ભાજપના અગ્રણી કેતનભાઈ પટેલ, નંદા ઓટોમોબાઈલના જયેશ નંદા, કોર્પોરેટરો અંકિત બારોટ, ગૌરાંગ વ્યાસ ઉપસ્થિત રહયા હતા અને નવદંપતિઓને ભેટ અર્પણ સાથે જ શુભ આશિષ પણ આપ્યા હતા.

પંચદેવ મંદિર સે-૨૨ના ધર્માધ્યક્ષ પૂજય ફુલશંકર શાસ્ત્રીજીએ આ પ્રસંગે પોતાના વકતવ્યમાં વિવાહનું મહત્વ સમજાવ્યું હતું અને આશિર્વાદ આપ્યા હતા. ગાંધીનગર સમાચારના મેનેજીંગ તંત્રી કૃષ્ણકાંત જહાએ આ અનોખા લગ્નોત્સવમાં દિવ્યાંગોને સહાનુભુતિ નહી પ્રેમ અને હુંફની જરૂર છે અને સમાજેભાષા વિવેકને જાળવીને દિવ્યાંગોને પ્રોત્સાહિત કરવા જોઈએ તેવો સંદેશ આપ્યો હતો અને સમર્પણ પરિવારને અભિનંદન આપ્યા હતા. સંસ્થાના ટ્રસ્ટી નીશીત વ્યાસે સાતત્યપૂર્ણ લગ્નોત્સવ કરવા બદલ અભિનંદન પાઠવ્યા હતા. આ સાતમા લગ્નોત્સવને સફળ બનાવવા બદલ સમર્પણ પરિવારના વૈભવ જાની, રાજુ પંચોલી, મુંજાલ રાવલ, વિપુલ જોષી, મહેશ પુરોહિત, ઉદય ભટ્ટ સહિતના સભ્યોએ ખુબ જહેમત ઉઠાવી હતી સાથે જ સર્વ દાતાઓના સહયોગથી સાતમા મુકબધિર લગ્નોત્સવનું ભવ્ય રીતે આયોજન અને સફળતા મળી હતી.

જન્મદિને વધામણી

સુકેતુ મહેતા
રક્તદાતા, સમાજસેવક
કારોબારી સભ્ય, ગાંધીનગર કલ્ચરલ ફોરમ

આશિષ પટેલ
રાધે રાધે ગ્રૂપ

કૃપા એચ. પટેલ
મો. ૯૪૨૭૩૧૭૫૮૪

પંડિત દિનદયાલ એનર્જી યુનિવર્સિટી ખાતે વિજ્ઞાન દિવસની ઉજવણી



ગાંધીનગર, તા.૨

૮ ફેબ્રુઆરી ૧૯૨૮ ના રોજ ભારતીય ભૌતિકશાસ્ત્રી સર સી. વી. રામન દ્વારા રામન અસરની શોધને ચિહ્નિત કરવા દર વર્ષે ૨૮મી ફેબ્રુઆરીએ ભારતમાં રાષ્ટ્રીય વિજ્ઞાન દિવસ ઉજવવામાં આવે છે. તેમની શોધ માટે સર સી.વી. રમનને ૧૯૩૦માં ભૌતિકશાસ્ત્રમાં નોબેલ પુરસ્કાર આપવામાં આવ્યો હતો. ભૌતિકશાસ્ત્ર વિભાગ, રસાયણશાસ્ત્ર અને ગણિત વિભાગ, પંડિત દીનદયાલ એનર્જી યુનિવર્સિટીએ PDEU કેમ્પસમાં NSD–2023 ની ઉજવણી વિવિધ પ્રવૃત્તિઓ સાથે ૩૦૦ થી વધુ શાળાના વિદ્યાર્થીઓ અને ૧૫૦ શિક્ષકોની હાજરીમાં કરી. PDEUના ડાયરેક્ટર જનરલ પ્રો. એસ.એસ. મનોહરનના સંબોધનથી કાર્યક્રમની શરૂઆત થઈ. તેમણે આપણા રોજિંદા જીવનમાં રામન અસરના સાચા અર્થ વિશે વાત કરી. તેમણે વિદ્યાર્થીઓને વિલંબને નકાર તરીકે ન લેવાની સલાહ આપી. આ પ્રસંગે, પીઆરએલ તરફથી ડો. વિશાલ જોશીએ "બ્રહ્માંડની એક મંત્રમુગ્ધ યાત્રા" પર અદ્ભુત વ્યાખ્યાન આપ્યું હતું. ડો. જોષીએ ખગોળીય પદાર્થોના સુંદર વાસ્તવિક ચિત્રો સાથે ખૂબ જ જટિલ ખગોળીય ઘટનાઓ સમજાવી. ત્યારબાદ વિજ્ઞાન ક્વિઝ અને પોસ્ટર સ્પર્ધા યોજાઈ હતી. પોસ્ટર મેકિંગ કોમ્પિટિશન માટેની થીમ આ વર્ષની NSD–2023 થીમ: ગ્લોબલ સાયન્સ ફોર ગ્લોબલ વેલબીઈંગને અનુરૂપ હતી. વિજેતાઓને આકર્ષક ઈનામો અને પ્રમાણપત્રોથી નવાજવામાં આવ્યા છે. આયોજક ટીમ વિદ્યાર્થીઓના અભૂતપૂર્વ પ્રતિસાદ અને પ્રતિભાથી ઉત્સાહિત હતી અને યુવાનોમાં વિજ્ઞાનને લોકપ્રિય બનાવવા માટે વિદ્યાર્થીઓને આવા પ્લેટફોર્મ પ્રદાન કરવાનું નક્કી કર્યું છે

અરિહંત સ્કુલ ઓફ ફાર્મસી ખાતે રીફ્રેશર કોર્ષનું આયોજન

ગાંધીનગર, તા.૨

અરિહંત સ્કુલ ઓફ ફાર્મસી એન્ડ બાયો રીસર્સ ઈન્સ્ટીટયુટ અડાલજ દ્વારા રીફ્રેશર કોર્ષનું આયોજન કરવામાં આવ્યું હતું. ૨૫ તથા ૨૬ ફેબ્રુઆરીના રોજ યોજાયેલ આ બે દિવસીય રીફ્રેશર કોર્ષની શરૂઆત ઈનેગયુલર ફંકશનથી કરવામાં આવી હતી. જેમાં પ્રથમ દિવસે ચીફ ગેસ્ટ તરીકે શ્રીકાન્ત જોષીએ હાજરી આપી હતી. ત્યારબાદ અલગ અલગ વિષયો પર પાડયું હતું. જેમાં ચીફ ગેસ્ટ તરીકે જશુભાઈ ચૌધરીને આમંત્રિત કરવામાં આવ્યા હતા. જેમાં નિષ્ણાંતોના લેકચર પછી ઓનલાઈન ટેસ્ટ તથા એલીડીકટરી ફંકશનનું આયોજન કરવામાં આવ્યું હતું. સમગ્ર આયોજનનું સંકલન ડો.સૌરભ જૈન અને ડો.ઝીલ પટેલે કર્યું હતું. જેમાં ગુજરાત સ્ટેટ ફાર્મસી કાઉન્સિલના સહયોગથી સફળ નીવડયું હતું.

નિસર્ગ સાયન્સ સેન્ટરના સાયન્સ કલબની વિદ્યાર્થીની ધ્યાની ભટ્ટને સમગ્ર રાજ્યમાં બીજો ક્રમાંક

ગાંધીનગર, તા.૨

ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેકનોલોજી પ્રેરિત નિસર્ગ સાયન્સ સેન્ટર,ગાંધીનગર ધ્વારા સાયન્સ કલબ ચલાવવામાં આવે છે. જેમાં વિદ્યાર્થીઓને વિજ્ઞાન પ્રયોગો, મોડેલો સ્પર્ધાઓ અંગે માર્ગદર્શન આપવામાં આવે છે. બાળકોમાં વિજ્ઞાન પ્રત્યે રસ રુચિ કેળવાય તેમ જ ભારતીય વિજ્ઞાન અંગે માહિતગાર થાય તે હેતુથી વિજ્ઞાન ભારતીય અંતર્ગત ગુજરાતમાં વિજ્ઞાન ગુર્જરી દ્વારા દર વર્ષે ગુજરાત વિજ્ઞાન સંમેલન યોજાય છે આ વર્ષે પણ વિજ્ઞાન ગુર્જરી દ્વારા ૨૮ ફેબ્રુઆરીના રોજ રાષ્ટ્રીય વિજ્ઞાન દિવસે જીવીએસ-૨૩નું સાલ કોલેજ ખાતે આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં વિવિધ ઓનલાઈન સ્પર્ધાઓ તેમજ ઓફલાઈન વર્કશોપ અને કોન્ફરન્સમાં વિજેતાઓને સન્માનિત કરવામાં આવ્યા. સસ્ટનેબલ આર્ટ વિજ્ઞાનના મોડેલ સ્પર્ધામાં સમગ્ર રાજયમાંથી ૭,૩૩૦ જેટલા વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો જેમાં

નિસર્ગ કોમ્યુનિટી સાયન્સ સેન્ટરની સાયન્સ ક્લબની વિદ્યાર્થીની ધ્યાની ભટ્ટ દ્વારા 'સોલાર હાઉસ કુલિંગ પ્રોજેક્ટ' રજૂ કરવામાં આવ્યો હતો. જેનું માર્ગદર્શન ડો.અનિલ કે પટેલ ધ્વારા આપવામાં આવ્યું હતું. આ પ્રોજેક્ટની પસંદગી ગુજરાત રાજયમાં બીજા ક્રમે થઈ જેને વિજ્ઞાન ગુર્જરી ધ્વારા એપ્રેશીએશન એવોર્ડ આપી સન્માન કરવામાં આવ્યું. નિસર્ગ કોમ્યુનિટી સાયન્સ સેન્ટરના મેનેજીંગ ટ્રસ્ટી ડો.અનિલ કે પટેલ અને સ્ટાફ ધ્વારા ધ્યાની ભટ્ટ અને તેના પરિવારને શુભેચ્છાઓ પાઠવી છે.

સે-૩૦ની શાળામાં આપત્તિ વ્યવસ્થાપનની સમજ

શાળામાં આપત્તિ વ્યવસ્થાપનની સમજ અંતર્ગત નકામો કચરો સળગાવી તેને આગ સ્વરૂપે કેવી રીતે ઉલવી શકાય તે માટે ફાયર સેફટીની બોટલનો ઉપયોગ કરી આગ ખોલવાની પ્રકિયા બાળકોને બતાવવામાં આવી હતી. બોટલનો ઉપયોગ કેવી રીતે કરવો તેની પણ સમજ આપવામાં આવી હતી.

ઉમા આર્ટસ અને નાથીબા કોમર્સ કોલેજમાં પારિતોષિક વિતરણ અને વિદાય સમારોહ

ગાંધીનગર, તા.૨

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત ઉમા આર્ટસ અને નાથીબા કોમર્સ મહિલા કોલેજ ખાતે મંડળના ચેરમેન વલ્લભભાઈ પટેલની પ્રેરણા અને કોલેજના પ્રિન્સીપાલ ડો.હરીતભાઈ પટેલના માર્ગદર્શન હેઠળ બ્રહ્માણીકૃપા હોલમાં કોલેજનો ૩૦મો પારિતોષિક વિતરણ સમારોહ દ્વિતિય ચરણ અને તૃતીય વર્ષની વિદ્યાર્થીનીઓનો વિદાય સમારોય યોજાયો હતો. કોલેજના કાર્યકારી પ્રિન્સીપાલે વિદ્યાર્થીઓના વિશેષ અને તેજસ્વી કાર્યોને બિરદાવીને સમારોહને ખુલ્લો મુકયો હતો. પ્રવિણભાઈ વાલેરા મુખ્ય અતિથિ તરીકે ઉપસ્થિત રહી વિદ્યાર્થીઓને પ્રોત્સાહન અને માર્ગદર્શન પુરુ પાડયું હતું. કોલેજની વિદ્યાર્થીનીઓએ કોલેજ કાળના અનુભવો અને પ્રતિભાવો રજુ કર્યા હતા. ડો.કીર્તીકમલ વાઘેલાએ વિદાય લેતી વિદ્યાર્થીનીઓને આર્શીવચનો આપી તેજસ્વી કારકીર્દી બનાવવા કેવા પ્રકારના આયોજનથી આગળ વધવુ તે જણાવ્યું હતું. ઈનામ વિતરણ અને વિદાયમાન કમિટિના સભ્યો પ્રા.હરેશભાઈ પટેલ, ડો.કીર્તીકમલ વાઘેલા, પ્રા.ફાલ્ગુનીબેન પટેલ, ડો.મયુરીબેન પટેલ અને ડો.જ્યોતિબેન પંચાલ અને ડો.ભરતભાઈ તડવીના સહયોગથી સમારોહનું સફળ આયોજન કરાયું હતું. ડો.મનુભાઈ પરમારે ટેકનોલોજી સહાય કરી યોગદાન આપ્યું હતું. ધૃતિ પટેલે આભારદર્શન કર્યું તો સંચાલન ડો.જેરામભાઈ પટેલે કર્યું હતું.

પાલજમાં પરંપરાગત હોળી છઠ્ઠી માર્ચ સોમવારે પ્રગટાવાશે

ગાંધીનગર, તા.૨

પાલજ ગામમાં હોળી ફાગણ માસની પુનમનાં દિવસે મનાવવામાં આવે છે. તા.૦૬/૦૩/૨૦૨૩ ૬:૦૦ વાગે પ્રગટાવવામાં આવશે. રાજયની સૌથી મોટી હોળી ગાંધીનગરના પાલજમાં ૩૫ ફૂટ ઊંચી હોળી પ્રગટાવાય છે, સદીઓથી ચાલતી પરંપરા આજે પણ અકબંધ હોળીની તૈયારીઓ ૧૫ દિવસ પહેલાંથી કરવામાં આવે છે. ૮૦ જેટલા યુવાનો આખી રાત લાકડાં એકત્ર કરે છે. હોળીના આધારે વર્ષનો વરતારો કરાય છે. ઉલ્લેખનીય છે કે પાલજ ગામમાં હોળી પ્રગટાવ્યા બાદ તેના અંગારા ઉપર ખુલ્લા પગે ચાલવાની પણ પરંપરા છે.

એસ.જી.ઈંગ્લીસ મીડીયમ પ્રાયમરી સ્કુલનો વાર્ષિકોત્સવ ઉજવાયો

ગાંધીનગર, તા.૨

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ દ્વારા સંચલિત એસ.જી. અને એસ.વી અંગ્રેજી માધ્યમ પ્રાથમીક શાળામા વાર્ષિકોત્સવનુ આયોજન કરવામા આવ્યુ હતુ જેમા ભગવાન, ગુરુ, માતા-પિતા, ભાઈ-બહેન વિગેરે જીવનકાળ દરમ્યાન સાચા મિત્ર બની પથદર્શક બનતા હોય છે. શાળાના આ વાર્ષિકોત્સવ કાર્યક્રમ અંતર્ગત વિદ્યાર્થીઓ મિત્રતાનો યથાર્થ અર્થ સમજી પોતાના જીવનકાળ દરમ્યાન સાચા મિત્રો દ્વારા પ્રગતિ કરે તે હેતુ સિદ્ધ કરવાનો પ્રયત્ન કરવામા આવ્યો હતો. આ ઉપરાંત અભ્યાસ, રમતગમત જેવા વિવિધ શૈક્ષણિક ક્ષેત્રમા અગ્રતાક્રમ લાવનાર વિધ્યાર્થીઓ તેમજ અનેક પ્રવૃત્તિઓમા સહભાગી થનાર વાલીઓનુ બહુમાન કરવામા આવ્યુ હતુ. કાર્યક્રમને શોભાવતા આમંત્રિત મહેમાનો ધારાસભ્ય રીટાબેન પટેલ, દાતા વિષ્ણુભાઈ પટેલ(પ્રમુખ સર્વ વિદ્યાલય કેળવણી મંડળ ગાંધીનગર), કૃણાલ ગઢવી(સેક્શન ઓફિસર) અને ડો. મીત શાહ(ભૂતપૂર્વ વિધ્યાર્થી) પોતાનો અમૂલ્ય સમય ફાળવી વિદ્યાર્થીઓમા અનેરો ઉત્સાહ સ્થાપ્યો હતો. શાળાના આચાર્ય સલિનાબેન, શિક્ષકગણ તથા વાલીઓએ કાર્યક્રમને વેગ આપી યાદગાર બનાવવા અથાગ પ્રયત્ન કર્યા હતા.

'ગમતાનો કરીએ ગુલાલ' સાહિત્યસભા દ્વારા ધૂળેટીના પર્વની કાવ્ય પઠનથી ઊજવણી થશે

ગાંધીનગર, તા.૨

ગાંધીનગર સાહિત્યસભા દ્વારા હોળી ધૂળેટીના પર્વ નિમિત્તે સાહિત્યસભાના સર્જકો માટે ગમતાનો કરીએ ગુલાલ કાર્યક્રમ આયોજિત કરવામાં આવ્યો છે. સૌ સર્જકો તેમની સ્વરચિત ગદ્ય અથવા પદ્ય રચના સાથે હાજર રહેવા અને સૌને એક રચના અને ત્રણ મિનિટની સમય મર્યાદામાં પ્રસ્તુત કરવા અધ્યક્ષ સંજય થોરાત દ્વારા આમંત્રણ આપવામાં આવ્યું છે.

'ગમતાનો કરીએ ગુલાલ' કાર્યક્રમ સરદાર વલ્લભભાઈ પટેલ વિદ્યામંદિર, સેક્ટર-૭, બગીચાની સામે, ગાંધીનગર ખાતે રવિવાર પાંચમી માર્ચના રોજ સાંજે છથી આઠ દરમિયાન આયોજિત કરવામાં આવ્યો છે. કાર્યક્રમનું સંચાલન ડૉ. જિજ્ઞા વોહરા દ્વારા કરવામાં આવશે. આ કાર્યક્રમમાં આગામી વાર્ષિક કાર્યક્રમ અંગેની જાહેરાત કરવામાં આવશે. ગાંધીનગર સાહિત્યસભાના સૌ સર્જકોને આમંત્રણ છે.

ચિરવિદાય

● મુકિતધામ ●

- **સ્વ.વાઘેલા સતુજી હેમતુજી** ઉ.વ.૬૬, લેકાવાડા
- **સ્વ.બ્રહ્મક્ષત્રિય ભુપેન્દ્રકુમાર રતિલાલ** ઉ.વ.૬૫, ગાંધીનગર
- **સ્વ.જોષી મુનીન્દ્ર રવિશંકર** ઉ.વ.૮૨, ગાંધીનગર